દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ,
તારીખ :- ૧૬/૦૧/૨૦૨૬.

### APMCથી પહેલી મેટ્રો સવારે 6.45એ ઉપડશે

# આજથી APMCથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડવાશે

## શરૂઆતમાં 24થી 30 મિનિટના અંતરે ટ્રેન સંચાલન

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ સેવાનો મહાત્મા મંદિર સુધી વિસ્તાર કરવામાં આવ્યો છે અને તાજેતરમાં વડાપ્રધાન દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવ્યું તું. હવે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા 16 જાન્યુઆરીથી મેટ્રોની સેવા મહાત્મા મંદિર સુધી લંબાવવામાં આવી રહી છે અને તેના માટે નવું સમયપત્રક જાહેર કરાયું છે.

નવા સમય પત્રક મુજબ ગાંધીનગર તરફ જવા માટે એપીએમસીથી પહેલી મેટ્રો સવારે 6.45 વાગે ઉપડશે જે 7.42 વાગે ગિફ્ટ સિટી પહોંચશે. જ્યારે મહાત્મા મંદિર જવા માટે પહેલી મેટ્રો એપીએમસીથી સવારે 6.58 વાગે ઉપડશે અને લગભગ 42 કિલોમીટરનું અંતર 1 કલાક 18 મિનિટમાં પૂર્ણ કરી 8.16 વાગે મહાત્મા મંદિર પહોંચશે. જ્યારે રાતે છેલ્લી મેટ્રો સાંજે 7.08 વાગે ઉપડી રાતે 8.26 વાગે મહાત્મા મંદિર પહોંચશે. મહાત્મા મંદિરથી એપીએમસી જવા પહેલી મેટ્રો સવારે 8 વાગે ઉપડશે અને છેલ્લી મેટ્રો રાતે 8.09 વાગે ઉપડશે. શરૂઆતના તબક્કામાં દર 24થી 30 મિનિટના અંતરે મેટ્રો ટ્રેનો દોડાવાશે. સ્ટેશન પર સ્પષ્ટ ડિજિટલ ડિસ્પ્લે, પબ્લિક એનાઉન્સમેન્ટ અને સમયપત્રક લગાવવામાં આવ્યું છે.

### સરકારી-ખાનગી ક્ષેત્રના કર્મચારીઓનો સમય બચશે

એપીએમસીથી મોટેરા થઈ કોટેશ્વર રોડ, જીએનએલયુ, ઈન્ફો સિટી, સચિવાલય, મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી જેવા મહત્વપૂર્ણ સ્ટેશનોને જોડતી આ લાઈન હવે ગાંધીનગરના પ્રશાસનિક અને વ્યવસાયિક વિસ્તારોને અમદાવાદ સાથે વધુ મજબૂત રીતે જોડશે. ખાસ કરીને સચિવાલય, મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી સુધી જતા સરકારી કર્મચારીઓ અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે મુસાફરી સરળ બનશે. તેની સાથે જ મહાત્મા મંદિર સુધી મેટ્રો શરૂ થતા ગાંધીનગર કેપિટલ સ્ટેશન, સાબરમતી સ્ટેશન તેમજ અમદાવાદ સ્ટેશનની કનેક્ટિવીટી વધુ સરળ બની છે.